અંક : ૧૧ મે ૨૦૨૩

દશનામ

સરક્યુલર



વર્ષ : ૦૧

●

અંક : ૧૧

●

મે ૨૦૨૩

●

તંત્રી

લલિતપુરી રામપુરી ગોસ્વામી

●

E-mail
dashnamcircular@gmail.com

●

પ્રકાશન અને સંકલન
લલિતપુરી આર. ગોસ્વામી
સુરત.
મો. 98985 50833

●

ડિઝાઈન
જી.પબ્લીકેશન્સ
સુરત.

●

પ્રાપ્તિ સ્થાન

Join us on **WhatsApp Group**

JOIN

Follow us on **Telegram**

JOIN

For All Volume **Google Drive**

CLICK

તંત્રીલેખ...

દરેક **પરીક્ષા**માં **ઈશ્વર**નો **સાથ** જરૂરી...

શિક્ષણના આ યુગમાં પરીક્ષાનું મહત્વ વધારે છે. પરીક્ષા પાસ કરવા માટે તમામ વિદ્યાર્થીઓ પોત-પોતાની રીતે પ્રયાસ કરે છે. જ્યાં મનની એકાગ્રતા ચાલવી જોઈએ ત્યાં હવે નાણાંનો ખેલ પણ થવા લાગ્યો છે. વિદ્યાર્થીજીવનમાં પરીક્ષા એક ભાગ છે અને તે પૂરી થયા બાદ બીજા જીવનની શરૂઆત થાય છે. માનવીય જીવનમાં પરીક્ષાની કોઈ તારીખ નક્કી હોતી નથી. પરંતુ ક્ષણે ક્ષણ ચાલતી રહે છે. ભગવાને જીવનની પરીક્ષામાં આપણી મદદ માટે ખુદને સ્વરૂપ છે. ભગવાન ઈચ્છે છે કે માનવ સ્વરૂપ છે અને બીજું તેમનું પ્રકૃતિનું સ્વરૂપ છે. ભગવાન ઈચ્છે છે કે માનવ જાતિ પોતાના જીવનનો વિકાર અને ઉત્થાન કરતી રહે. એટલા માટે જ તેણે સૃષ્ટિનું નિર્માણ કર્યું છે. મનુષ્ય જ્યારે પોતાની જિંદગીની પ્રગતિ માટે પ્રયાસ કરે છે ત્યારે તેમાં ઘણાં વિઘ્નો આપે છે. આ વિઘ્નો દૂર કરવા પરમાત્માએ સ્પષ્ટ જાહેરાત કરી છે કે મારા અવતાર સ્વરૂપ સાથે જોડાઈને શીખો. સૃષ્ટિ સાથે તમારે સંબંધ સ્થાપીને સંઘર્ષ અને પરહિતની વૃત્તિને સમજો.

- લલિતપુરી આર. ગોસ્વામી

દશનામ

ⓔ સરક્યુલર

... અનુક્રમણિકા ...

શૂરવીર સંત
કાનપુરી બાપુ
મુ. બળધોઈ, જી. રાજકોટ.



- રમેશપુરી ગોસ્વામી 'સારથિ'
લાકડિયા, ભચાઉ (કચ્છ)

જ્યારે રાજ અને સ્ત્રીધન પર આબરૂ નો સવાલ આવ્યો ત્યારે એક દશનામી સાધુ હર મહાદેવ મહાદેવ કરી ને કૂદી પડે છે અને....

॥ સિંધ માંથી સૂમરો હાલ્યો હૈયામા હતી હામ
બળધોઈમા બાવો કોપ્યો માર્યો મામદ જામ ॥

પાળિયા થઈ ને પુજાવું રે ઘડવૈયા મારે
ઠાકોરજી નથી થાવું...

કવિ પાળિયા વતી કહે છે કે અમારે પાળિયા થઈ ને પુજાવું છે, ઠાકોરજી થવા માં કોઈ રસ નથી.પણ આપણે પાળિયાઓ ને ભૂલી ગયા છીએ. ધર્મ, ગૌ, સ્ત્રી... અરે પારેવાં નેય બચાવવા પ્રાણ હોમી દેનારાઓનાં પણ દાખલાઓ છે. ભારતીય ઇતિહાસ ભવ્યતા, શુરવીરતાથી ભરેલો છે. ભાભલડીનાં મ્હેણાંથી રૂંવે રૂંવે માઠું લાગ્યું અને પદમણી નાર પામવા ઘેરથી નીકળી પડેલો ઓઢો જામ હોય કે બાર બાર વરસે નવાણ ગળાવ્યાં, તોય નીર ન આવ્યાં આથી અભેસિંહ તળાવમાં હોમાઈ જાય છે. દુશ્મનોનાં હાથમાં શરીર પણ ન આવે આથી ભડભડતી આગમાં જય ભવાની બોલી ને જોહર કરનારી શૂરવીર સ્ત્રીઓ હોય.. કેવો ભવ્ય ઇતિહાસ. અઢારેય વર્ણની બળુકાઈ, શૌર્ય આ ભોમકાએ નરી આંખે નીરખી છે. ક્ષત્રિય હોય કે ઢોલ વગાડ નારો, કે પછી શંકરનાં પુજારી દશનામી સાધુ... જ્યાં જ્યાં જરૂર પડી છે, ત્યાં ત્યાં ઝોળી મુકી ને તલવાર ઉપાડી લીધી છે. કંઈ કેટલાય દાખલાઓ ઇતિહાસના ચોપડે ચડી ગયા છે. એમાનો એક શુરવીર સંત એટલે કાનપુરી બાપુ..

આ વાત છે બળધોઈના દરબાર ગઢની છે. સૌરાષ્ટ્રનો બહારવટીયો વાલો નામેરી સાથે રહી ઘટના બનેલી છે.

આ જગ્યાએ ઘણા જૂના અવશેષ પણ જોવા મળે છે. હાલમાં પણ દરવાજા પર બંદૂક ની ગોળીઓના નિશાન જોવા મળે છે. આ એ સમય ની વાત છે, જ્યારે દેશ પર મુગલો નું આક્રમણ , અત્યાચાર ખુબ વધી ગયો હતો.

મામદ જામ નામનો માથા ફરેલ માણસ આખાય સૌરાષ્ટ્રને ધમરોળે છે.કોઈને સખે થી ધાન ખાવા દેતો નથી. લૂંટ ફાટ મચાવી દીધી છે. એના નામ નો કાળો કેર વર્તાવ્યો છે. એક દિવસ ની વાત છે. સંદેશો મળ્યો કે બળધોઇ હાથીયાવાળાના ગઢમાં ત્રણ હજાર રૂપિયાની કોથળી તૈયાર ટપે પડી છે. આ સાંભળી મામદ તૈયાર થયો ધાડ પાડવા.આકડે મધનું પોડું ટિંગાય અને કોઈ જાનવર લાલચ થી હડપવા નો કારસો રચે એમ કારસો રચાયો. મળતિયાએ ચેતવ્યો." મામદ જામ, જાવા જેવું નથી હો.. અમંગળ જેવું લાગે છે. ન થવાની થાય એવું ભાસે છે. મારું મન માનતું નથી મામદ."

આટલું સાંભળી ને મામદ વિફર્યો "હવે મૂંગો મર્ય. હું મામદ. કોઈના બાપથી નો બિવું. કરો તૈયારી લૂંટની." આદેશ છૂટ્યો. સાગરીતો મને કમને તૈયારીમાં પડ્યા. અને મામદ જામે બળધોઇ તરફ સાંજ ટાણે વાર વહેતી કરી. ખૂંખાર ટોળકી ધમાં બાગડદા ધમાં બાગડદા કરતી મારતે ઘોડે આગળ વધી રહી છે. ધુળ ની ડમરીઓ ઉડાડતા ઘોડાં ભાગી રહ્યાં છે. સુરજ મહારાજ આથમી ગયા એવા ટાણે ખળામાં ત્રાટક્યા. લુંટ કરી. જે હાથમાં આવ્યું એને બંદી બનાવી કેદ કર્યા. ગામમાં જઇ ભડાકા કર્યા. નીકળો બહાર... એવા હાકોટા પડકારા કર્યા. ગામમાં ચીસાચીસ મચી ગઇ. કોઈ કહેતું હતું, ધાજો.. વાર આવી છે. કોઈ કહેતું હતું - ભાગો.. બીજી વાત ખોટી. આ હાકોટા પડકારા દરબાર ગઢમાં પુગ્યા. દોથા જેવડું રજવાડું. રાજ મહેલમાં બેઠા હાથીયાવાળા મુંઝાણાં. -" કાઠિયાણી, હવે શું ? દુશ્મન બારણે આવી પુગ્યા છે."

આ સાંભળી ને કાઠિયાણીની ભ્રકૂટિ તંગ થઇ. શબ્દો નહીં, જાણે અંગાર નીકળ્યા- "ઠાકોર, ઘરમાં બેસી જાવ મારાં લુઘડાં પેરીને. બહારવટીયાઓ ને કેશું કે દરબારને બે ઘર છે. અમે બાઈ માણહ વારે નીકળીએ. વાત કરો છો તે...."

અસલ કાઠિયાણીનાં તીખાં વેણ સાંભળીને દરબાર ઝાંખા પડી ગયા.-" ના ના, કાઠિયાણી...એમ કહું છું કે સૈન્ય થોડું ને દુશ્મન ઝાઝા. નાનકડો ગરાસીયો છું. એવડું મોટું સૈન્ય પણ નથી. બળથી નહીં, કળ થી કામ લેવું પડશે.."

ઠકરાણા બોલ્યાં-" લેખે ચડવાનો વખત આવી ગયો છે દરબાર."

આવી વાતો વચ્ચે દોડીને પોતાનાં ત્રીસ

બંદૂક વાળાઓ સાથે હાથીયાવાળો મેડીએ ચડ્યા. ગામમાં રિડિયામણ મચી ગઈ છે. દેકારો વધતો જાય છે. બચાવો બચાવોના પોકાર ઉઠી રહ્યા છે. ક્ષત્રિયનું લોહી ઉકળ્યું. રૈયતને રંજાડનારાઓને ઠાર કરવા આગળ વધ્યા. લૂંટારાઓએ બજાર કબ્જે કરી લીધી. દરબારી માણસોએ મેડીએથી ભડાકા કર્યા. ગામ ધુમાડાથી ઢંકાઇ ગયું. પણ બહારવટીયા દરબારગઢની દિવાલ ઠેકીને અંદર ઉતાર્યા. જોયું તો ઓરડે ઓરડે તાળા મારી દીધાં છે. બહારવટીયાએ હાકલ કરી-" એ કાઠી, લાવ ચાવી. નકર હમણાં જાન જાસે. આ હગી નહીં થાય..!"

કોઈ રસ્તો બચ્યો નથી. ના પાડે તો જીવ જાય, હા પાડે તો ધન જાય. જીવની પરવા નહોતી, પણ સામે કાળઝાળ લૂંટારાઓ હતા. હાથીયાવાળાએ ચાવીઓ ધા કરી. મામદના માણસોએ પહેલો ઓરડો ઊધાડયો. અંદર દરબારગઢ અને ગામની દિકરીઓ બહારવટીયાના ડરથી લપાઇને બેઠી હતી. લૂંટારાઓ બાઈ માણસોને ઉઠાવી જતા. આથી સૌથી પહેલે સ્ત્રી ધન સાંચવવામાં આવતું. એક બાઈ આગળ વધી અને ધડામ દઈને દરવાજો બંધ કરી નાખ્યો. આ ઓરડો પછી ખોલશું. પહેલાં ધન હાથવગું કરી લઈએ એવા આશયથી બીજો ઓરડો ખોલી જોયું. અંદર પટારા. ધન, સોના, ચાંદી, ઝવેરાત હોવાનું લાગ્યું એટલે ધંટીનું પડ લઇ પટારો તોડવા લાગ્યા.

પોતાના સાગરીતોને પાનો ચડાવતા મામદ હાકોટા પડકારા કરી રહ્યો છે." હા લૂંટો બેલીઓ લૂંટો. મારા ભાઇઓ.. બધુંય લુંટી લ્યો. મોટો માલ હાથ લાગ્યો છે.." એમ પટકારો કરતો ફળિયામાં ઊભો છે. દરબાર નાસીપાસ થઇ ગયા. કોઈ રસ્તો જડતો નથી. કોણ બચાવે? કોઈ કારી ફાવતી નથી. જરાક ચું ચાં કર્યા ભેગો બંદૂકનો ભડાકો થાય અને ખેલ ખતમ. મનોમન મહાદેવનું સ્મરણ કરે છે. આરદશ માંડે છે. હે મહાદેવ, હે ભોળિયાનાથ, હે જગત પિતા... ઉગાર આ નરાધમો થી. એવી કાકલૂદી દરબાર ગઢમાં થઈ રહી છે.

અને કદાચ, જાણે કે સ્તુતિ સાંભળી લીધી હોય એમ એક શંકરનો પુજારી બાવાજીમાં જોમ આવી ગયું. નામ કાનપુરી. આવું કયારેય જોયું નહોતું. આથી સાંઢિયાના કાઠાની ઓથે કાનપુરી બાવો છુપાઇને બેઠો છે. પાતળો બાંધો, મજબૂત શરીર રચના. ફરકતી મૂંછો, ઘાટી દાઢી, સફેદ પેરણ- ઓછાડ, માથે આંટાળી પાઘડી, ગળામાં રુદ્રાક્ષ અને માળાઓ, મોટી આંખો... શંકરનો પુજારી. દશનામી સાધુ. યુદ્ધ કે તલવારોથી કોઈ લેવા દેવા નથી. હરિ ભજન કરવું ને ભોળાનાથની પૂજા કરવી એ જ કર્મ ને એ જ ધર્મ. પણ જાણ્યું કે મારા ગામના રાજવી સંકટમાં છે, મારા ગામની બાઈ માણહની આબરૂ ઉપર ઉતરી આવી છે. આવા ટાંકે જો હું સંતાઈ રહું તો તો મારી સાધુતા લાજે. મારી જનેતાનું ધાવણ

લાજે. કાલે કોક મહેણું મારે, કે ફટ રે બાવા, તારી નજર સામે ગામની આબરૂ લૂંટાઈ ગઈ અને તું બાયલાની જેમ સંતાઈ ગયો? આટલું સમજાઇ ગયું. આથી, રોમરોમમાં શુરાતન વ્યાપી ગયું.

કાં મરું, કાં મારું. રસ્તા બે જ હતા. પણ કેમ આગળ આવવું? સામે કાળમુખા દૈત્યો ભરી બંદૂકે ઉભા હતા. જરાક સંચાર થાય તો ભડાકો કરે. ઠાર મારે. રણ મેદાન હોત તોય જગ્યા અને મોકળાશ મળત. તો બુંગિયા ઢોલનાં તાલ પર રિડિબાંગ ધ્રિબાંગ રિડિબાંગ ધ્રિબાંગની મર્દાના થાપ વચ્ચે યુદ્ધ ખેલી જાત. પણ અહીં એવો કોઈ મોકો નહોતો. જે કરવું તે ત્વરિત કરવું. જરાક ચુક અને પ્રાણ સ્વાહા. પોતાનોય જીવ જાય અને ગામની બેન દીકરીઓની આબરૂ લૂંટાય એ અલગ. ઉપરથી રાજવીને પણ ઠાર કરે. આ બધું ઘટવા નું હતું. એ અટકાવવા માટે કંઇક કરવું પડે. પણ શું? આસપાસ નજર દોડાવી. પોતાની પાસે જ કાઠી દરબારો જેનાં ઊપર થાળી રાખીને જમે તે પડઘી નામની પીતળની નાની બેઠક પડેલી. મનોમન તાગ મેળવી લીધો. જો આનો ઘા કરવામાં આવે અને નિશાન ચુક ન થાય તો દુશ્મનનાં રામ રમી જાય.

વાર કરવો કોના ઉપર? મારવો તો આગેવાનને. સરદારને જ પાડી નાખવો. તો જ લૂંટ અટકે. નાના મોટા સાગરીતને મારવાથી લૂંટ અટકે નહીં. આવી ગણતરી કરીને આસપાસ નજર ફેરવી. નજર મામદ જામ પર ઠરી. સરદાર હોય એમ વાણી અને વર્તનથી લાગ્યું. આને જ પાડી નાખું. જે થાય એ જોયું જશે. આવું મનોમન નક્કી કરી ને

કાનપરીબાપુએ પિતળની પડઘી ઝડપથી ઊપાડી લીધી અને કોઈ કંઈ સમજે, વિચારે એ પહેલાં ગળગળતી દોટ મૂકી. જય ગીરનારીનાં બુલંદ નાદ કરતાં બાવાજીએ પિતળની પડઘીનો કારમો ઘા કર્યો. ઘા બરોબર મામદના માથા પર પડ્યો. ફટાક દઇને નારિયેળ ફાટે એમ મામદની ખોપરી ફાટી ગઈ. આંખનુ રતન પણ ફોડી નાખ્યું. લોહીની પિચકારીઓ ઉડી. પણ મામદ ગાંજ્યો જાય એમ હતો નહીં. ફાટેલા માથે અને ફૂટેલી આંખે - અરે તારી તો.... કહેતો મામદ પાછો ઉભો થયોને બાવાજીનાં શરીર પર ધડાધડ ગોળીઓ ચલાવી. ઓગણીસ ઓગણીસ છરાએ કાનપુરી ગોસ્વામી બાપુના શરીરને વિંધી નાખ્યું. ધ્રૌપટ નીકળી ગઈ છે. હાં બાવાજી, ખમાં બાપ, એવા ભલકાર દરબાર ગઢમાં થવા લાગ્યા. દુશ્મનોને તાબે થવા સીવાયનો કોઈ આરો સૂઝતો નહોતો. ત્યાં એક સાધુ એ આવી ને બાજી પલ્ટી નાખી. બાઈયુંમાં જોમ આવી ગયું. ગોળીઓથી શરીર વીંધાઈ ગયું હતું. ઉગરવાનો આરો નહોતો રહ્યો. મૃત્યુ આવી પોગ્યું હતું. સામે ઘાયલ વાઘની જેમ મામદ ત્રાડો નાખતો બંદૂક ચડાવતો હતો. કદાચ વધુ લોકોનો ઘાણ કાઢી નાખે. વીસમાં એક

ઓછી ગોળીઓ શરીરમાં ધરબાઈ ગઈ હતી. આખાય શરીરમાંથી લોહીના ફુંવારા ફૂટતા હતા. થોડીક ક્ષણો હતી હવે. મામદને પાડી નાખવા ફરી એકવાર દોટ મુકી. દોડીને મામદની ભેઠે લટકતી તલવાર ખેંચીને તેનાં જમણાં ખંભા ઊપર જે ગીરનારી કહી ઝીંકી દીધી. તલવાર ઠેઠ કમર સુધી ઊતરી ગઈ. અત્યાર સુધી લૂંટવામાં પડ્યા દુશ્મનો આ રૌદ્ર રૂપ જોઈ ને નાઠા. મામદ મરાણો.. મામદ મરાણો.. દુશ્મનોમાં રાડારાડી મચી ગઇ. મામદની લોથ ઢળી પડી. મામદના સાગરીતો ભાગ્યા. શત્રુને મારીને પછી બાવલિયો પડયો. જે ગીરનારી... ઓમ નમો નારાયણના નાદ કર્યા અને કાનપુરીનાં પ્રાણ પંખેરું ઉડી ગયાં.

રાજકોટનાં બળધોઈનું દરબાર-ગઢ પ્રાણ ત્યાગીને પણ બચાવી લીધું.

આજે પણ કાનપુરીનાં બેસણાં છે. પાળિયો પૂજાય છે. દરબારનાં સગાવાલાઓ અને સૌ કોઈ આ દૈવી પુરુષ ને વંદે છે, પૂજે છે.

કવિ એ કહ્યું છે કે.

જનની જણ તો ભક્ત જણ
કાં દાતા કાં શૂર,
નહીં તો રેજે વાંઝણી,
તારું મત ગુમાવીશ નૂર...

આવા મહાન આત્માને કોટિ કોટિ વંદન.

શ્રી દશનામ ગોસ્વામી જ્ઞાતિ મંડળ (રજી. ટ્રસ્ટ) જામનગર સંચાલિત

શ્રી ચેતનગીરી મધુગીરી ગોસ્વામી

દશનામ ગોસ્વામી મેડિકલ ભવન - અમદાવાદ

સિવિલ હોસ્પિટલ, ગેઈટ નં. ૫ ની સામે, મુખીવાસ, જહાંગીરપુરા,
અસારવા, અમદાવાદ. M.: 98984 16915

શ્રી દશનામ ગોસ્વામી સમાજના દર્દી પરિવારને
વિનામુલ્યે (નિઃશુલ્ક)
રહેવાની સુવિધા પુરી પાડતું **ભવન.**

આ કલ્યાણકારી સેવાકીય કાર્યમાં યથાશક્તિ સ્વૈચ્છીક યોગદાન આપી આભારી કરશોજી.

મેડિકલ ભવન માટેનું આપવામાં આવેલું દાન સંપૂર્ણપણે આવકવેરા નિયમને આધિન 11(B)80G(5)25/11-12/903 JAMNAGAR DT: 29/6/2912 ના આધારિત આવકવેરામાં માફી પાત્ર છે.

SCAN TO PAY
WITH ANY BHIM UPI APP

:: બેંકની વિગત ::

ખાતાનું નામ : **શ્રી દશનામ ગોસ્વામી જ્ઞાતિ મંડળ જામનગર**
બેંકનું નામ : **બેન્ક ઓફ બરોડા** (લાલ બંગલા શાખા) જામનગર.
ખાતા નંબર : **58090 10000 0447**
IFSC Code : **BARB0LALJAM** (Fifth Letter is ZERO)

:: વહીવટી કાર્યાલય ::

શ્રી હેમેન્દ્રગીરી સુંદરગીરી ગોસ્વામી
સ્વામિનારાયણ નગર, શેરી નં. ૫ (બંધ શેરીના નાકે), હાલાર હાઉસ પાછળ,
જામનગર-૩૬૧૦૦૧. **M.: 98248 88187**

જામજોધપુર

દશનામ ગોસ્વામી જ્ઞાતિ સમાજના હોદ્દેદારો નિમાયા.



ચૈતન્યપુરી એસ. ગોસ્વામી
એડવોકેટ, જામજોધપુર

જામજોધપુર દશનામ ગોસ્વામી જ્ઞાતિ સમાજની વાર્ષિક સાધારણ સભા મળી હતી, જેમાં નવા હોદ્દેદારોની નિમણૂંક અંગે ચર્ચા કરવામાં આવતી, જેમાં પ્રમુખ તરીકે શ્રી શૈલેષગિરિ બળવંતગિરિ ગોસ્વામી, ઉપપ્રમુખ તરીકે શ્રી વિમલપુરી શ્યામપુરી ગોસ્વામી અને મંત્રી તરીકે શ્રી પિનાકગિરિ રમેશગિરિ ગોસ્વામીની સર્વાનુમતે બિનહરીફ નિમણૂંક કરવામાં આવી હતી. સાથે સહાયક કારોબારી સભ્ય તરીકે, શ્રી નિતીનપુરી નાથુપુરી ગોસ્વામી, શ્રી રમેશગિરિ મારાજગિરિ ગોસ્વામી, શ્રી જશવંતગિરિ ભગવાનગિરિ ગોસ્વામી, શ્રી ભુપતપુરી જીવણપુરી ગોસ્વામી, શ્રી અશ્વીનગિરિ છબીલગિરિ ગોસ્વામી તેમજ શ્રી દેવેન્દ્રગિરિ પ્રતાપગિરિ ગોસ્વામીની નિમણૂંક કરવામાં આવી છે.

સમાજના આગેવાનો દ્વારા આ નિમણૂંકને આવકારી સર્વ હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા.



ચાર્જ કરવાની જરૂર કોને છે, **મોબાઈલ**ને કે **સંબંધો**ને?

એક સરસ મઝાનું ઘર, એમાં વસે એક નારી અને નર,
એક બીજાને હસે હસાવે, જીવે મસ્તીમાં દુનિયાથી રહે પર..!!

ત્યાં ઓચીંતું એક દિવસ, હાથ લાગ્યું એક યંત્ર,
હવે ના કોઈ હસે ,ના કોઈ રમે, છિન્નભીન્ન થયું ઘરનું તંત્ર,
ના કોઈ સાંભળે, ના કોઈ બોલાવે,
બસ રાત દિવસ, જપે મોબાઈલ મંત્ર..!!

રહે એક જ ઘરમાં તોય, જાણે જોજન અંતર,
દુનિયાના પળ પળની ખબર, દૂર થયા એકબીજાના અંતર,
લાગણી પ્રેમ મરતા રહ્યા, સંબંધોમાં વધતું રહ્યું અંતર..!!

એપ્સ ફેરવે, ટાઈપીંગ કરે, ઢગલાબંધ ઈમોજી મોકલ્યા કરે,
આખો દિવસ જોયા કરે, અજાણ્યા ચહેરાને રિકવેસ્ટ મોકલ્યા કરે,
એક બીજા સામે રમત રમ્યા કરે, ખોટે-ખોટું હસ્યા કરે,
હવે ના કોઈ હાસ્ય કે ના કોઈ કલરવ,
ના કોઈ મસ્તી કે ના કોઈ ગુંજારવ.

બેટરી ખતમ થતી રહી.. સંબંધો ખોખલા થતા રહ્યા..!!
શું લાગે છે..?
ચાર્જ કરવાની જરૂર કોને છે..?
મોબાઇલને કે સંબંધોને..?



જીવન જીવવાની જડીબુટ્ટી...

પિતામ્બરપુરી આર. ગોસ્વામી
સુરત

• આપણા અતિ મોંઘા ઘર, સારું ફર્નિચર અને ખર્ચાળ લગ્નોથી આપણે કોને પ્રભાવિત કરવા માગીએ છીએ...?

• શા માટે આપણે આપણા જીવનના અતિ મહત્વના વર્ષોમાં કૂતરાની જેમ કામ કરીએ છીએ. ...?

• આપણે કેટલી પેઢીઓને ખવડાવવા માંગીએ છીએ?

• આપણામાંના દરેકને બે બાળકો છે. ઘણાને એક જ બાળક હોય છે.

• "જરૂરિયાત" કેટલી છે અને આપણને ખરેખર "જોઈએ" છે કેટલું ? એના વિશે વિચારો.

• શું આપણી આવનારી પેઢી કમાવવા માટે અસમર્થ હશે, જેથી આપણે તેમના માટે ખૂબ બચત કરીશું ?

• શું આપણે મિત્રો, કુટુંબ અને સ્વયં માટે અઠવાડિયામાં એક દિવસ કાઢી શકતા નથી ??

• શું તમે તમારી માસિક આવકનો માત્ર 5% હિસ્સો પણ તમારા આત્માના આનંદ માટે ખર્ચ કરો છો ? સામાન્ય રીતે... ના.

• આપણે કમાવા સાથે આનંદ કેમ કરી શકતા નથી?

• તમારા હૃદયમાં કોલેસ્ટરોલ બ્લોક્સ કે મણકાની ગાદી ખસી જાય તે પહેલાં આનંદ કરવા માટે સમય ફાળવો.

• આપણી પાસે સંપત્તિ નથી, અમારી પાસે દસ્તાવેજો પર માત્ર ટેમ્પરરી નામ છે. ભગવાન કટાક્ષરૂપે હસે છે, જ્યારે કોઈ કહે છે... "હું આ જમીનનો માલિક છું" !!

• શ્રીમંત બનવું ખરાબ નથી, પરંતુ માત્ર ખૂબ ધનવાન હોવું જ અયોગ્ય છે.

• ચાલો, જીવી લઈયે, જીવન પૂરું થાય એ પહેલા...

• એક દિવસ, આપણે બધા એકબીજાથી અલગ થઈશું; દિવસો, મહિનાઓ, વર્ષો વીતી જશે, એક દિવસ આપણા બાળકો આપણા ચિત્રો જોશે અને પૂછશે 'આ લોકો કોણ છે? ' અને અમે અદ્રશ્ય આંસુઓથી હસીશું કારણ કે હૃદયને જોરદાર શબ્દથી સ્પર્શ કરવામાં આવે છે અને તમે કહો છો: 'તે મારા જીવન સાથેનો શ્રેષ્ઠ દિવસો હતા'



પ્રેરણાત્મક ઉક્તિઓ...

“જ્યાં તમે ડગમગો ત્યાં તમારો ખજાનો પડેલો હોય છે.”

- જોસેફ કેમ્પબેલ

“સાહસ ખેડવું તે વ્યગ્રતાનું કારણ બને છે - પરંતુ સાહસ ન ખેડવું તે તમારી જાતને ગુમાવવા જેવું છે અને ઉચ્ચતમ સાહસ ખેડવું તે ચોક્કસપણે વ્યકિતની પોતાના તરફની સભાનતા છે.”

- કીર્કેગાર્ડ

“નેતૃત્વ એ વસ્તુઓનું વ્યવસ્થાપન કરવું તે નથી પરંતુ લોકોનો વિકાસ કરવો તે છે. દૃષ્ટા નેતાઓ એ છે જે સમજે છે કે કોઈ પણ તંત્રની ખરી મૂડી, જે લોકો સવારમાં લીફ્ટમાં ઉપર આવે છે અને દરરોજ રાત્રે નીચે જાય છે તેઓ છે.”

- રોબીન શર્મા

“યાદ રાખવું તે જ શીખવું છે.”


- સોક્રેટીસ

“શ્રેષ્ઠ પુસ્તકો પહેલાં વાંચો, નહીંતર તમને લાગશે કે તમારી પાસે સમય નથી.”

- હેન્રી ડેવીડ થોરો

“એ વિદ્વાન, જે વિચારે પરંતુ સર્જન નથી કરતો તે ન વરસતાં વાદળ જેવો છે.”

- પૌરવાત્સ્ય ઉકિત




હાઈ બી.પી.
(ઉચ્ચ રક્તચાપ) ના દર્દીએ શું **પરેજી** રાખવાની?



ડૉ. નંદિની એસ. ગોસાઈ
જામનગર

- મીઠું બંધ કરવું.
- શારીરિક – માનસિક પરિશ્રમ અને ટેન્શનથી દૂર રહેવું.
- ઉજાગરાં ન કરવાં.
- તમાકુ, બીડી, દારૂ, ખાટાં – પીણાં, અથાણાં, ફરસાણ બંધ કરવું.
- ખાટું, તીખું અને ખારૂ બિલકુલ ઓછું કરી દેવું.
- પ્રસન્ન, શાંત અને પ્રિય વાતાવરણમાં રહેવું.
- પ્રાણાયામ નિયમિત કરવાં.
- શિરોધારા ફાયદાકારક છે.

બોધ
કથા



ઢસરડા ઓછા કરો અને વિચારો...



મંથનપુરી એલ. ગોસ્વામી
સુરત

એક ગાડીમાં ડિઝલ ખુટી ગયું એટલે ત્રણ કી.મી. ધક્કા મારી મારીને બધાં પેટ્રોલ પંપ પહોંચ્યાં...

વડીલ : સાંભળ, ટાંકી ફુલ કરાવી લેજે અને ડેકીમાં એક કેન પડ્યો હશે એ પણ ભરાવી જ લેજે...

યુવાન : પણ એ કેન તો ફુલ ભરેલો છે...

વડીલ : તો ધક્કા કેમ મરાવ્યા...???

એને વાપરી નંખાય ને...!!_

યુવાન : અરે, એ તો ઇમરજન્સી માટે રાખ્યો છે ને...!!!

મિત્રો...

રોજિંદા જીવન દરમ્યાન આપણે પણ આવું જ કરીએ છીએ...!!!

કમાવા પાછળની દોટ...

ભેગું કરવાનો શોખ અથવા ઘેલછા...

ખરાબ સમયે કામ આવશે એવી ધારણાઓ માટે...

એટલાં બધા ઢસેડા કરીએ છીએ કે...

જીવનની સાચી રાઇડ માણી જ શકતાં નથી...

માટે જ મિત્રો...

આનંદથી જીવી લો...

મોજ કરો...

જીવન જીવી જાણો...

ફરી પાછો મહામુલો મનુષ્ય અવતાર...

મળે કે ન પણ મળે... !!_

નિરાતે વિચારી જોજો....

હાસ્ય
કણિકાઓ



દર્શનપુરી ડી. ગોસ્વામી
સુરત

* ભૂરો એની પત્ની સાથે ફાઈવ સ્ટાર હોટલમાં કોફી પીવા ગયો, એની પત્ની નિરાંતે કોફી પી રહી હતી. ભૂરો બોલ્યો આ કોફી ગરમ છે ત્યાં સુધી જલ્દી પી લે નહિંતો વળી કોલ્ડ કોફીના પૈસા આપવા પડશે.

* * *

* ભૂરાએ એના મિત્ર નટુને ઘરે બોલાવ્યો. ચાર માળ ચઢીને નટુ ભૂરાના ઘરે પહોંચ્યો ત્યાં દરવાજા પર ચિઠ્ઠી હતી, “તને કેવો મૂર્ખ બનાવ્યો, અમે ઘરે નથી.”
નટુએ થોડો વિચાર કર્યો પછી ચિઠ્ઠી પર નીચે લખ્યું, “મૂર્ખ તો તું બન્યો હું આવ્યો જ નહોતો.”

* * *

* વજન ઓછું કરવા માટે ડૉક્ટરે સો ગોળીઓ આપી એટલે દર્દીએ પૂછ્યું: “આટલી બધી ગોળીઓ? ક્યારે ક્યારે કેટલી ગોળીઓ લેવાની?”
ડૉક્ટરે કહ્યું : “ગભરાઓ નહીં, આ ગોળીઓ ગળવાની નથી. બસ રોજ સવારે, બપોરે અને સાંજે શીશી ઊંધી કરીને ગોળીઓને રૂમમાં ગબડાવી દેવાની. પછી એક એક કરીને સોએ સો ગોળીઓને પાછી શીશીમાં ભરી દેવાની. અને આવું ત્રણ મહિના સુધી કરવાનું.”

* * *

* છગન એના દીકરા પપ્પુ સાથે બસમાં અમદાવાદથી સાબરમતી જઈ રહ્યો હતો. બસ કન્ડકટરે ટિકિટ ચેક કરવા માંગી તો છગને કહ્યું : “સાહેબ ટિકિટ તો આ પાપ્પુડો ખાઈ ગયો એને બહું ભૂખ લાગી હતી.”
ચાલાક કન્ડકટરે તરત કહ્યું : “ભાઈ તમારે બહું લાંબે જવાનું છે, પપ્પુ ફરી ભૂખ્યો થશે એટલે બીજી ટિકિટ લઈ લ્યો ચાલો..”

* * *


* પપ્પુ નિશાળે ગધેડો લઈને ગયો, શિક્ષકે આશ્ચર્યચકિત થઈને પૂછ્યું, “પપ્પુ આ ગધેડો લઈને કેમ નિશાળે આવ્યો છે?”
પપ્પુએ ફટાકથી જવાબ આપ્યો, “તમે હંમેશા કહો છો ને કે તમે ભલભલા ગધેડાઓને માણસ બનાવી દીધા છે.” તો મેં વિચાર્યું આ બિચારાનું પણ ભલું થઈ જાય..” શિક્ષક બેહોશ.

* * *


* શિક્ષક : બોલ ભૂરા, સરસિયાનું તેલ કયાંથી નીકળે છે?
ભૂરાએ તરત જવાબ આપ્યો : “સાહેબ કાચની બરણીમાંથી...”

* * *

હેલ્થ
ટીપ્સ




દહીં ખાવાથી કોલેસ્ટ્રોલ ઘટે છે...



ડૉ. સાગર આર. ગોસાઈ
જામનગર

આયુર્વેદનાં પ્રાચીન ગ્રંથોમાં દહીંનાં ગુણકર્મોનું ઘણું વિસતૃત નિરૂપણ થયેલું છે. દહીંનો દૈનિક આહારમાં નિયમિત ઉપયોગ કરવાથી રકતમાં રહેલા કોલેસ્ટ્રોલની માત્રા ખૂબ જ ઓછી થઇ જાય છે. હા, આ દહીં મલાઈ વગરનાં દૂધમાંથી બનાવેલું હોવું જોઈએ. દહીં રુદયને બળ આપે છે. એટલે રુદયના રોગીઓએ મલાઈ વગરનાં દહીં કે છાશનો નિયમિત ઉપયોગ કરવો જોઈએ. દહીં મધુર, ખાટું, તૂરું, ઉષ્ણ, રુક્ષ અને અગ્નિ પ્રદીપ્ત કરનાર છે. વિષ, સોજા, સંગ્રહણી આંતરડાંના રોગો, પાંડુરોહ, રકત અલ્પતા, મસા- પાઈલ્સ, બરોળના રોગો ગોળો- આફરો, મંદાગ્નિ અરુચિ, વિષમજવર, તરસ, ઊલટી, શૂળ, મેદની તકલીફ તથા કફ અને વાયુના રોગો મટાડે છે. અરુચિ તથા નાડીઓમાં અવરોધમાં હિતકારી છે. આયુર્વેદના ગ્રંથોમાં તો દહીંના ઉપર્યુંકત ઘણા ગુણકર્મો દર્શાવાયા છે. પ્રાચીન ચિકિત્સકો અને મહર્ષિઓ આ વાત જાણતા હતા એટલે દહીંને પવિત્ર ગણી તેને પાંચ અમૃતો એટલે કે 'પંચામૃત'માં સ્થાન આપ્યું છે.

પૂર્વે આપણે ત્યાં અતિથિઓ અને મહેમાનનું સ્વાગત દહીં કે છાશ – લસ્સી પીવા આપીને કરવામાં આવતું. આ કારણથી પાચનતંત્ર સબળ અને સક્રિય રહેતું. આજે આ દહીંનું સ્થાન 'ચા' એ લીધું છે. અત્યારે આપણે ત્યાં અમ્લપિત્ત – એસિડિટી, અલ્સર, ગેસ, મંદાગ્નિ અને અરુચિનું પ્રમાણ પહેલાં કરતાં વધ્યું છે. પહેલાં આપણે ત્યાં દહીંનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થતો. છાશની પરબો ચાલતી, પરંતુ અંગ્રેજોના શાસનકાળથી પશ્ચિમી રીતરિવાજોનાં આંધળાં અનુકરણ સાથે દહીં, છાશ પીવાનો આપણો મૂળ સ્વાસ્થ્યપ્રદ રિવાજ મૃતપ્રાય થઇ ગયો અને પરિણામે છેલ્લાં સો વર્ષથી આપણે ત્યાં પાચનતંત્રના રોગો અને રૂદયના રોગોનું પ્રમાણ વધ્યું છે.


GOAL ONLY
SYSTEM ONLY
GOAL + SYSTEM



દશનામ
સરક્યુલર

આભાર

ૐ નમો નારાયણ,

અત્યંત આનંદની લાગણી સાથે આ **'દશનામ સરક્યુલર'** ઈ-મેગેઝીનનો **મે–૨૦૨૩**નો **અગિયારમો** અંક આપની સમક્ષ રજૂ કરું છું. મને આશા છે કે આ અંક પણ આપને જરૂર ગમશે અને ઉપયોગી થશે. અગર આપ એવું ઈચ્છતા હો કે આ અંક આપણા સમાજના દરેક પરિવાર, સભ્ય સુધી પહોંચે, તો આપ આપના સગા-સ્નેહીજનો-મિત્રોના ગ્રુપમાં પણ જરૂર શેર કરજો.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનમાં સંકલિત કરેલી કેટલીક ઉપયોગી માહિતી સોશિયલ મિડીયાના માધ્યમથી આપણા સમાજની દરેક વ્યકિત, પરિવાર સુધી પહોંચે અને ઉપયોગી થાય એવો અમારો આ નમ્ર પ્રયાસ છે. આ ઈ-મેગેઝિનનો અંક દર અંગ્રેજી મહિનાના પ્રથમ સપ્તાહમાં પ્રસિદ્ધ થાય છે.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનને હજુ પણ શ્રેષ્ઠતમ બનાવવા આપના સૂચનો આવકાર્ય છે.

આ અંક માટે આપનો અભિપ્રાય અમને **વોટ્સએપ, ટેલિગ્રામ** અથવા **ઈ–મેલ** પર જરૂર મોકલશો, આપનો અભિપ્રાય અમારો ઉત્સાહ વધારશે.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનના આગળના દરેક અંક આપ અમારી ટેલિગ્રામ ચેનલ :

"DASHNAM Circular"
Telegram Channel Link :
https://t.me/dashnamcircular
પરથી દરેક અંક વિનામુલ્યે પ્રાપ્ત કરી શકો છો.

આપના આશીર્વાદ અને સાથ સહકાર મળતા રહે એવી અપેક્ષા સહ...
ૐ નમો નારાયણ...

- લલિતપુરી આર. ગોસ્વામી

સાદર અર્પણ...

અમારામાં સંસ્કારો અને આવડતોનું સિંચન કરનાર
અમારાં માતા-પિતાને...

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ।।



પૂ. પિતાશ્રી રામપુરી નારણપુરી ગોસ્વામી • પૂ. માતુશ્રી જમનાબેન રામપુરી ગોસ્વામી

શ્રી પિતામ્બરપુરી રામપુરી ગોસ્વામી - અ.સૌ. અરૂણાબેન પિતામ્બરપુરી ગોસ્વામી
શ્રી શશીપુરી પિતામ્બરપુરી ગોસ્વામી - અ.સૌ. હેમાલીબેન શશીપુરી ગોસ્વામી
અર્પિતા
કુશકુમારપુરી પિતામ્બરપુરી ગોસ્વામી

•

શ્રી ધનસુખપુરી રામપુરી ગોસ્વામી - અ.સૌ. પુષ્પાબેન ધનસુખપુરી ગોસ્વામી
સુરજપુરી - દર્શનપુરી

•

શ્રી લલિતપુરી રામપુરી ગોસ્વામી - અ.સૌ. ભારતીબેન લલિતપુરી ગોસ્વામી
તન્વી - મંથનપુરી
(રબારીકા - જામજોધપુર / સુરત)